**– :: આંક – મુદ્દા :: –**

**મુદા બાબતે વાદીના વી.વકીલશ્રી ને સાભળ્યા, પ્રતિવાદી તરફે આંક – ૫ થી ૭ સુંધીના સમન્સ નોટીસ બજી પરત છે ત્યાર બાદ પ્રતિવાદી તરફે મુદત રીપોર્ટ આંક – ૮ થી રજુ થયા બાદ આજ દિન સુંધી પ્રતિવાદિઓ તરફે કોઈ હાજર રહેલ નથી કોઈ જવાબ રજુ કરલે નથી કે કોઈ મુદત રીપોર્ટ રજુ કરલે નથી અને પ્રતિવાદીઓનો જવાબનો હક્ક પણ બંધ થયેલ હોઈ આજરોજ કોઈ મુદત રીપોર્ટ કે રજૂઆત પ્રતિવાદીઓ તરફે રજુ થતો ના હોઈ જેથી ન્યાયના હિતમાં સબબ કામે મુદ્દા ઘડવામાં આવેલ છે.**

૧. શું વાદી પુરવાર છે કે, દાવા અરજીના પેરા નં. ૭ સબ પેરા નં. (૧) માં ઉલ્લેખ કરેલ મિલકત વાદીની સ્વતંત્ર માલિકી અને રજી. વેચાણ દસ્તાવેજ થી ખરીદેલ મિલકત છે અને તેમાં પ્રતિવાદીઓ નો કોઈ લાગ ભાગ હક્ક હિસ્સો સમાયેલ નથી ?

૨. શું વાદી પુરવાર કરે છે કે, વાદ વાળી મિલકતમાં પ્રતિવાદીઓ એ વાદીની દુકાન અને પ્રતિવાદીઓને દુકાન વચ્ચે આવેલ દુકાન હટાવી ગેરકાયદેસર રીતે કબજો જમાવેલ છે?

૩. શું વાદી પુરાવાર કરે છે કે, દાવા અરજીના પેરા નં. ૭ ના સબ પેરા નં (૧) માં માગ્યા મુજબનું વાદીના હક્ક માં અને પ્રતિવાદી ઓ વિરુદ્ધ જાહેરનામું મેળવવા હક્ક દર છે?

૪. શું વાદી પુરવાર કરે છે કે, દાવા અરજીના પેરા નં. ૭ ના સબ પેરા નં.(૨) માં વર્ણન કરલે વાદ વાળી મિલકત અંગે પ્રતિવાદીઓ વિરુદ્ધ અને વાદી તરફે આદેશાત્મક હુકમ મેળવવા હક્કદાર છે?

૫. શું વાદી પુરવાર કરે છે કે, દાવા અરજીના પેરા નં. ૭ ના સબ પેરા નં. (૩) માં ઉલ્લેખ થયેલ વાદ વાળી મિલકત અંગે પ્રતિવાદીઓ વિરુદ્ધ અને વાદી તરફે કાયમી મનાઈ હુકમ મેળવવા હક્કદાર છે?

૬. શું હુકમ તથા હુકમ નામું ?

**તા.૧૯/૧૧/૨૦૨૪**
**સ્થળ : ઉપલેટા.**

**(એ. એ. દવે)**
**મુખ્ય સિવિલ જજ – ઉપલેટા**
**GJ01442**